
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કન્યા**

**આજના ગ્રહોની કુંડળી**




**સવારે પાંચ વાગે ચંદ્રનો કન્યા રાશિમાં પ્રવેશ. આજે ઉચ્ચનો સૂર્ય અને શુક્ર સ્વગૃહી મંગળ છે. ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** છઠ્ઠે ચંદ્ર - બારમે શુક્ર - રાજયોગ કરે છે - સ્થાનોની દ્રષ્ટિએ - તેથી આપને આજે વૈભવ - વિલાસ ભરેલી જીંદગીનો દિવસ પસાર થાય - યાદગાર રહે.

**વૃષભ** બારમે ઉચ્ચનો સૂર્ય આજે તમારે માટે શત્રુ વિજય યોગ ઉભો કરે છે - દિવસ સારો જાય - પુત્ર - પૌત્રાદિકથી તમોને આનંદ અને સુખ પ્રાપ્ત થાય.

**મિથુન** ચોથે ચંદ્ર - દસમે શુક્ર - આજે તમારે માટે રાજયોગ અને વિજયયોગ સમાન યોગ છે. અગિયારમે ઉચ્ચનો સૂર્ય બુધ તમારે માટે શુભયોગ છે - દિવસ સુખમય પસાર થાય.

**કર્ક** તમારા જીવનનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે - તમે જે બોલશો તે થશે તેવા યોગમાંથી પસાર થઈ રહ્યા છો - આગામી બે વર્ષ સુધી રાજયોગ ચાલશે જે ખુબ ઊંચે લઈ જશે.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ છે - રાહુ તમોને ડરપોકપણું અપાવેને થોડા ભ્રમિત રાખે. આઠમે ઉચ્ચનો શુક્ર તમોને ખૂબ જ મોટા પ્રમાણમાં વિલાસી બનાવે - ધ્યાન રાખશો.

**કન્યા** લગ્ને ચંદ્ર તથા સાતમે ઉચ્ચનો શુક્ર એ સારો યોગ છે જ્યારે બારમે રાહુ અને આઠમે સૂર્ય બુધ એ સારો યોગ નથી. તેથી દિવસ દરમિયાન મિશ્રફળ મળ્યા કરે.

**તુલા** બારમે ચંદ્ર ને બીજે મંગળ શનિની યુતિ તથા પાંચમા સ્થાન ઉપર ગુરુ રાહુની દ્રષ્ટિ ને લઈને આપના સંતાનોને ભણવા બાબતમાં તકલીફો ઉભી થાય તેમ છે.

**વૃશ્ચિક** રાશિમાં સ્વગૃહી મંગળ ઉત્તમ છે પરંતુ વક્રી શનિની યુતીનિા કારણે મૂંઝવણો ઊભી કરે તેમ છે. પાંચમે ઉચ્ચનો શુક્ર ઉત્તમ છે. ભાગ્ય યોગને લક્ષ્મી યોગ કરે છે - ફાયદો થાય.

**ધન** ચોથે શુક્ર ઉચ્ચનો અને દસમે ચંદ્ર એ ઉત્તમ રાજયોગ કરે છે - પાંચમે ઉચ્ચનો સૂર્ય બુધ મેડીકલ - કેમીકલ - ફાર્મસીમાં ભણતા બાળકોની ઉત્તમ પ્રગતિ કરાવે તેવો યોગ છે.

**મકર** આઠમે ચાંડાલ યોગ સારો નથી - પડવા વાગવા દાઝવાથી સાચવો તો સારું - બીજું ત્રીજે શુક્ર ઉચ્ચનો અને ભાગ્યમાં ચંદ્ર સુંદર યોગ કરે છે - ભાગ્ય પ્રબળ કરે છે.

**કુંભ** સાતમે ચાંડાલ યોગના કારણે જીવનસાથીની વાણી થોડી કલુષિત થાય તે તમારી સાથે વાદ - વિવાદમાં ઉતરીને ન બોલવાના શબ્દો બોલે માટે તમારે સંયમ રાખવો.

**મીન** રાશિમાં શુક્ર અને સાતમે ચંદ્ર બંને ગ્રહોની પ્રતિયુતિ ઘણી જ સારી છે તમારી રાશિનો ભાગ્ય યોગ પ્રબળ કરે છે - માટે તમારો આજનો દિવસ સારો જશે.

## ઈડરના જોડકંપાથી પાવાગઢ મહાકાલી મંદિરે પગપાળા નીકળશે

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના જોડકંપાથી પાવાગઢ મહાકાલી માતાજીના દર્શને ૨૦૦ જેટલા ભાઈઓ અને બહેનોનો સંઘ માના ગુણગાન ગાતા-ગાતા ભારે ઉત્સાહ અનં ઉમંગ સાથે રથ લઈ પાવાગઢ તરફ જઈ રહ્યા છે.આ સંઘમાં જોડકંપા,નાંદીસણ,ખિલોડા અને રાયગઢના યુવાનો,બહેનો છેલ્લા અગીયાર વરસથી ચાલીને જતા હતા પણ છેલ્લા પાંચ વરસથી રથ લઈ જોડ કંપાથી નીકળી ફાગવેલ,મહીસાગરથી પાવાગઢ જઈ રહ્યા છે.ચૈત્રી નવરાત્રી હોઈ ઘણા સંઘો અંબાજી તરફ પણ જઈ રહ્યા છે જે દરેક સંઘ પુનમના દિવસે માના ધામ પહોંચી જશે.પાવાગઢમાં મહાકાલી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવશે.

## ગોદરેજ એપ્લાયન્સીસે અમદાવાદમાં 'સ્માર્ટ મોબાઈલ સર્વિસ વાન' લોંચ કરી

દેશમાં અગ્રણી હોમ એપ્લાયન્સીસ બ્રાન્ડસ પૈકીની એક ગોદરેજ એપ્લાયન્સીસે અમદાવાદમાં 'સ્માર્ટ મોબાઈલ સર્વિસ વાન' લોંચ કરી હતી, જે એપ્લાયન્સીસ ઉદ્યોગમાં આ પ્રકારની સૌ પ્રથમ સેવા છે. ગુજરાતમાં આ સેવાની શરૂઆત અમદાવાદથી થઈ છે. આ સેવા વાન દ્વારા પુરી પાડવામાં આવે છે. જેમાં રિપેર, નિયમિત મેઈન્ટેનન્સ, ઈન્સ્ટોલેશન કરવા માટેના સાધનો કે ઉપકરણો, ઉત્પાદનનો ડેમો વગેરે સુવિધાઓ સામેલ છે. તેનો લાભ લેવા ગ્રાહકોએ ૨૪x૭ હેલ્પલાઈન પર સંપર્ક કરવાની જરૂર છે.

એપ્લાયન્સીસ ઉદ્યોગમાં ગ્રાહક સેવા મહત્વપૂર્ણ પરિબળ છે અને તે કોઈ પણ બ્રાન્ડને અન્ય બ્રાન્ડથી વિશિષ્ટ બનાવે છે. આ ફરક સમજતી અગ્રણી કંપનીઓમાં ગોદરેજ એપ્લાયન્સીસ સામેલ છે. કંપનીએ વર્ષ ૨૦૦૨માં 'સ્માર્ટકેર' નામની ભારતમાં પ્રથમ બ્રાન્ડેડ સર્વિસ શરૂ કરી હતી. ગોદરેજ દેશમાં ૬૦૦ સેવા કેન્દ્રોઅનેફ્રેન્ચાઈઝીનું વ્યાપક સેવા નેટવર્ક તથા અત્યાધુનિક ટેકનોલોજીથી વાકેફ ૪૦૦૦ સ્માર્ટબડી ટેકનિશિયનની ફોજ ધરાવે છે. સ્માર્ટકેર અંતર્ગત કંપનીએ તમામ સમગ્ર ભારતમાં ચાર ઝોન-ઉત્તર, પૂર્વ, પશ્ચિન અને દક્ષિણમાં ૪૬૬ શહેરોમાં સેવા આપવા ૨૪x૭ કોલ સેન્ટર જેવી ઘણી સેવાઓ શરૂ કરી છે.

## ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

સાહિત્યમાં સંત કવિ ઈસરદાસજીનું સાહિત્ય એક વિશિષ્ટ મૂલ્ય ધરાવે છે. આચાર્ય બદરીપ્રસાદ સાકરીયાએ યથાર્થ લખેલું છે કે હિન્દી સાહિત્યમાં જે સ્થાન ગોસ્વામી તુલસીદાસ કે કૃષ્ણભક્ત સુરદાસનું છે તેવુંજ સ્થાન સૌરાષ્ટ્ર - કચ્છ સિંધ - થરપારકરના સાહિત્યમાં ઈસરદાસજીનું છે. અધ્યાત્મના ઉચ્ચ શિખરો આ સંત કવિએ ભક્તિ અને શ્રધ્ધાના બળથી સર કરેલા છે.

સમાજમાં જ્યારે અનેક લોકો સાંપ્રત સમયની સમસ્યાઓથી ઘેરાઈને ઘણીવાર હતપ્રભ થાય છે ત્યારે જીવન તરફની શ્રધ્ધા પ્રગટાવી શકે તેવું સંત સાહિત્ય આપણી પાસે હાથવગું છે. સંત સાહિત્યની ભાષા સરળ છે. આ સાહિત્ય કોઈ એક સંપ્રદાય વિશેષના બંધનમાં બંધાયેલું નથી. ભક્તિના રાજમાર્ગ સમાન આ સાહિત્યમાં નારી-પુરુષ કે ઉંચ-નીચનો કોઈ પણ ભેદ આંકવામાં આવેલો નથી. મેવાડના મીરા અને ગુજરાતના ગંગાસતી જેવા નારીરત્નોએ પણ આ સાહિત્યને સમૃધ્ધ કરેલું છે. ત્રિકમ સાહેબ કે દાસી જીવણ જેવા સંત સાહિત્યના સમર્થ સર્જકોની વાણી આજે પણ નૂતન દ્રષ્ટિનું પ્રદાન કરનારી લાગે છે. શાસ્ત્રોની વાતો જન જન સુધી સંત સાહિત્યના માધ્યમથી પહોંચી શકી છે. તુલસીદાસજી, નરસિંહ મહેતા કે ભક્તકવિ ઈસરદાસજી સંત સાહિત્યના ક્ષેત્રના તેજસ્વી અને પ્રભાવી સૂર્ય સમાન છે. સૂર્યપ્રકાશની જેમ આ સાહિત્ય સર્વ સુલભ છે. આપણાં આ અમૂલ્ય વારસાના વિચારતત્વનું મૂલ્ય આંકીને તથા સમજપૂર્વક તેનું અવલંબન લેનારો સમાજ સ્વસ્થતાની દિશામાં ચોક્કસ ડગ માંડી શકે છે.



## ધનસુરાના ખેડાગામ નજીક બે ટ્રક સામ સામે ટકરાતા : બેના મોત

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ખેડા ગામ નજીક મોડાસા-બાયડ રોડ પર બે ટ્રક સામ સામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. શનિવારે બપોરે ધનસુરાથી કપડવંજ જતી અને બાયડથી મોડાસા તરફ પુરઝડપે ગફલતભરી રીતે પસાર થતા બન્ને ટ્રકના ચાલકોએ એકબીજાની કબ્જા હેઠળ રહેલી ટ્રકને ટક્કર મારતા બન્ને ટ્રકોમાં સવાર બે લોકોના ઘટનસ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. અકસ્માતના પગલે આજુબાજુથી દોડી આવેલા લોકોએ ટ્રકમાં સવાર ૪ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. અકસ્માતની ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હજુ સુધી મૃતકોની ઓળખવિધિ ચાલી રહી હોવાનું પોલીસસૂત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ.

## મોડાસા વન વિભાગના ચોકીદારનું રહસ્યમય મોત

### પરિવારજનોએ હત્યાની આશંકા વ્યક્ત કરી : પોલીસે પેનલ પીએમ કરાવ્યુ : તબીબોની ટીમે શરીરે ઈજાઓને નકાર્યો : મૃતકના પુત્રનો છાતીના ભાગે ઈજાના ચિન્હો હોવાનો દાવો

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના આંબા ગામની વતની અને જિલ્લાના મુખ્ય મથક મોડાસા વન વિભાગ કચેરીમાં વોચમેન તરીકે ફરજ બજાવતા આધેડની શુક્રવારે રહસ્યમય સંજોગોમાં સાકરિયા નજીક આવેલા આનંદપુરા કંપાના ગૌચરમાંથી ઉંધા માથે પડેલો મૃતદેહ મળી આવતા મોડાસા પંથક અને પરિવારજનોમાં ચકચાર મચી હતી. પરિવારજનોને તેમના મોભીની હત્યા કરાયા હોવાની આશંકા વ્યક્ત કરતા પોલીસ દ્વારા પેનલ તબીબની ટીમ દ્વારા પેનલ પોસ્ટમોર્ટમ કરાવ્યુ હતુ. મોડાસા પી. એમ. રૂમની આગળ પાછળ મૃતકના પરિવારજનોના સગા-સંબંધીઓના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. પરિવારજનોએ આક્રંદ કરી મુકતા માહોલ ગમગીન બની ગયો હતો.

વન વિભાગમાં વોચમેન તરીકે ફરજ બજાવતા બાયડ તાલુકાના આંબા ગામના જયંતિભાઈ જીવાભાઈ વણકર (ઉં.વ.૪૫) છેલ્લા બે વર્ષથી કાયમી કર્મચારી તરીકે મોડાસા વન વિભાગ તંત્રમાં ફરજ બજાવતા હતા અને ફરજ દરમ્યાન આનંદપુરા ગામના ગૌચરની ગીચ ઝાડીઓમાંથી મૃતદેહ મળી આવતા આ અંગે મોડાસા ટાઉન પોલીસે પરિવારજનોને જાણ કરતા પરિવારજનો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને મૃતકની હત્યા કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાતા ટાઉન પોલીસે તબીબી પેનલ ટીમ દ્વારા પેનલ કરાવી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

મૃતક જયંતિભાઈના પુત્રએ તેના પિતાની હત્યા થઈ હોવાની અને છાતીના ભાગે ઈજા પહોંચાડી હત્યા કરાઈ હોવાનુ તેમજ મૃતકનો મૃતદેહ જોનારાઓ દ્વારા મૃતકનો મૃતદેહ ગીચ ઝાડીઓમાં ઉંધા મોઢે પડેલી હાલતમાં મળી આવતા વનકર્મીની હત્યા થઈ હોવાની સાથે પરિવારજનોએ તટસ્થ તપાસની માંગ કરી હતી.

મૃતક વનકર્મીનું પેનલ કરનાર તબીબની ટીમે જણાવ્યું હતું કે મોતનું કારણ હાલ જાણી શકાયુ નથી. પરંતુ શરીરે ઈજાના ચિહ્નો જોવા મળ્યા નથી. મૃતકનું હાર્ટ વધુ પૃથ્થકરણ માટે હાર્ટ પેથોલોજીમાં મોકલી અપાયુ છે.

મૃતક વોચમેન જયંતિભાઈ વણકરના પુત્ર ચિરાગના જણાવ્યા મુજબ વન વિભાગના ટેમ્પા ડ્રાઈવર નરસિંહભાઈ ગુરૂવારે રાત્રે ૧૧ વાગ્યાના સુમારે કોલોનીમાં આવ્યા હતા અને મને કહ્યું હતું કે તારા પપ્પાને સાંઈ મંદિરે છોડી દીધા હતા. ત્યાર બાદ મૃતક આધેડ ઘરે ન પહોંચતા અને શુક્રવારે મૃતદેહ મળી આવતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

## કેપ્સ્યુલ એન્ડોસ્કોપી દ્વારા લીવરની ગંભીર સારવાર હાથ વેંતમાં

વિશ્વભરમાં ૧૮.૫ કરોડ લોકો હેપેટાઈટિસ સી થી પીડિત છે. જેમાંથી દર વર્ષે ૩.૫ લાખ લોકો મોટાનો ભોગ બને છે. જ્યારે ભારતમાં દર ૧૦૦માંથી એક વ્યક્તિને હેપેટાઈટિસ સી વાઈરસ ચેપ હોવાનું અનુમાન છે. જ્યારે દેશમાં હેપેટાઈટિસ સીનું ઈન્ફેક્શન એચઆઈવી ઈન્ફેક્શન કરતા છ ગણુ છે. જ્યારે ભારતની ૧.૨૫ કરોડ વસ્તી એમસીવીથી પિડીત છે.

આગામી ૧૯ એપ્રિલે વર્લ્ડ હેપી ટાઈટિસ ડે ના દિને અમદાવાદ સ્થિત નોબલ ગેસ્ટો એસોસીએટ્સ દ્વારા ૧૦ જેટલા થેલેસેમીયા દર્દીઓના લીવરની તપાસ વિનામૂલ્યે કરશે. કારણ કે હેટીટાઉટિસ સી એ લીવરનો ગંભીર રોગ ગણાતો હોય છે. ત્યારે આ વાઈરસનું શું ઈન્ફેક્શન છે તેનાથી જાણી શકાય.

આ અંગે ડીએનબી ગેસ્ટ્રો ડૉ. યોગેશ હરવાણીના જણાવ્યા પ્રમાણે હિપેટાઈટિસ સી માટે કોઈ વેકેસિનેશન નથી પણ દવાઓ લેવાથી ૧૦માં ૮ કેસોમાં તેનો ઈલાજ થઈ શકે છે. તાજેતરના વર્ષોમાં હેપેટાઈટિસ સીની સારવારમાં ફેરફાર આવ્યો છે. લેટેસ્ટ ઈલાજ પ્રમાણે દિવસની એક ગોળી લેવાથી મોટા ભાગના લોકોને ૮ થી ૧૨ સપ્તાહમાં રોગ મટી જાય છે.

જ્યારે ડીએમ ગેસ્ટ્રો ડૉ. ચિરાગ શાહના જણાવ્યા પ્રમાણે હેપેટાઈટિસ સી થી ચેપગ્રસ્ત કેટલાક લોકો આ વાઈરસમાંથી મુક્ત થઈ શકતા નથી. ઈન્ફેક્શન ધરાવતા મોટા ભાગના લોકોને કોનિક અથવા તો આજીવન ઈન્ફેક્શન રહે છે. સમય જતાં કોનિક હેપેટાઈટિસ સીને પગલે લીવરની ગંભીર સમસ્યાનો સામનો કરવો પડે છે. તેમના જણાવ્યા પ્રમાણે આ રોગ ચેપગ્રસ્ત વ્યક્તિની ડ્રગ નીડલ્સનો પુનઃ ઉપયોગ, હેપી ટાઈટિસ સી થી ગ્રસ્ત માતાથી નવજાત શિશુને અનસ્ટરિલાઈ યુલ્સથી ટેટુ કે પિયસિગ કરાવનારને તથા ચેપગ્રસ્ત વ્યક્તિની રેઝર કે ટુટ બ્રસ બીજી કોઈ વાપરે તો થતો હોય છે.

આ માટે રાજ્યમાં પ્રથમ વાર નાના આંતરડાની તપાસ માટે કેપ્સ્યુલ એન્ડોસ્કોપીની શોધ કરાઈ છે. ૨-૫ સે.મી.ની કેમેરાવાળી કેપ્સુલ દ્વારા અંદાજીત ૧૦૦૦ જેટલી કોટા પણ હોવાને લઈને આની સંપુર્ણ સારવાર થાય છે. જ્યારે રિપોર્ટો તમામ કરાવ્યા હોવા છતાં પણ કોઈ રોગ ન પકડાતો હોય ત્યારે મેનોમેટ્રી દ્વારા અન્નનળી તથા મળદ્વારાની તપાસ દ્વારા વિવિધ રોગોનું નિદાન થાય છે.

## શહેરને સમસ્યા મુક્ત બનાવે તેવા ઉમેદવારને ચૂંટવા ગાંધીનગર શહેર વિકાસ પરિષદની અપીલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરને મને-કમને મહાનગરપાલિકાનું વરદાન મળ્યું છે. ત્યારે ગાંધીનગર મનપાની બીજી ચૂંટણી આવી ગઈ છે અને ઉમેદવારો મત માંગવા ઘરના આંગણા ઘસી રહ્યા છે. ત્યારે શહેરને સમસ્યા વિહિન, સુવ્યવસ્થિત તેમજ દરેક સેક્ટરનો સમતોલ વિકાસ કરીને ફરીથી આપણા સૌના નગરને ગ્રીન અને ક્લીનસીટીનું બિરૂદ અપાવે તેવા ઉમેદવારોને ચૂંટવા માટે મતદારોને ગાંધીનગર શહેર વિકાસ પરિષદ દ્વારા અપીલ કરવામાં આવે છે.

ગાંધીનગર મહાનગરપાલિકા પાસે અત્યારે હાલના સમયે ડૉર ટુ ડોર કચરા કલેક્શન અને બાંકડા મુકવા સિવાય કોઈ કામગીરી નથી. રાજ્યમાં આવેલી નગરપાલિકા પાસે જે બંધારણીય કામગીરી છે તેવી કામગીરી ગાંધીનગર મનપા પાસે નથી. ચૂંટાયેલા ઉમેદવારો અને પક્ષ પાસે રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસે મનપાના હક મેળવી પુરતી ગ્રાન્ટ સમયસર મેળવી શકે તેવા સક્ષમ પક્ષ અને ઉમેદવારોની તાતી જરૂરીયાત ઉભી થઈ છે. જ્યારે શહેરના નાગરીકોને સ્પર્શતા પ્રશ્નોનું ઝડપી નીરાકરણ કરવું જોઈએ. જેમાં શેરી, કોમનપ્લોટની સફાઈ રોજ કરવી જોઈએ. શહેરના મુખ્ય માર્ગો પર દર કિ. મીટરે શૌચાલયની સગવડ ઉભી કરવી જોઈએ જેથી નગરને ગંદકી મુક્ત કરી શકાય. રખડતા ઢોરની સમસ્યા માટે નગરમાં ગોપાલક વસાહત બનાવવી જોઈએ. શહેરમાં રખડતા કુતરાનો ત્રાસ વધી જવા પામ્યો છે. જેને દૂર કરી અમદાવાદની જેમ ખસીકરણ કરવુ જરૂરી છે. શહેરમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા ઘણી વધી જવા પામી છે. જેને કારણે નગરમાં લારી-ગલ્લાનું દબાણનો પ્રશ્ન ઉભો થયેલ છે. તેનો કાયમી ઉકેલ કરવો જોઈએ. સેક્ટરોમાં માઈક્રો શોપીંગમાં ૧૦૦ દુકાનો ઉભી કરવી, સેક્ટરના શોપીંગ વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા યોગ્ય કરવી, શહેરના મુખ્ય ઘ અને ચ-માર્ગ પર અંડરગ્રાઉન્ડ રસ્તા તૈયાર કરવા, શહેરમાં ગેરકાયદેસર ઝુંપડાઓનો રાફડો ફાટ્યો છે તેનો કાયમી ઉકેલ લાવવો અને રેન બસેરાની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવે તેમજ સેક્ટર-૭માં અવ્યવસ્થિત શાકમાર્કેટ ઉભુ થયું છે જેને યોગ્ય જગ્યા ફાળવવામાં આવે તેમજ વન વિભાગ અને નગરજનોએ ભેગા મળી ચોમાસા પહેલા મોટી સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરવુ અને ઉછેર કરવા જેને પરિણામે આપણુ શહેર ફરી એકવાર ગ્રીન સીટી ક્લીન સીટી બની જાય. શહેરમાં મનપાની ચૂંટણીમાં ઉભા રહેલ ઉમેદવારોને જાગૃત મતદારોએ પુખ્ત વિચારસરણી કરી નગરની સમસ્યાઓનું કાયમી ઉકેલ લાવે તેવા ઉમેદવારોને મત આપી ચૂંટવા માટે ગાંધીનગર નાગરીક પરિષદ દ્વારા મતદારોને અપીલ કરવામાં આવે છે.

## મોડાસા નગરપાલિકાની સાંઈ મંદિર નજીક રહસ્યમય મોક ડ્રીલ

### ફાયર ફાયટરના સાયરનથી નગરજનોમાં ગભરાટ ફેલાયો : માલપુર રોડ પર રવિવારની રજા માણવા આવેલા પ્રજાજનોમાં અફડાતફડી

મોડાસા, તા.૧૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા રવિવારે સાંજના ૭ વાગ્યાના સુમારે માલપુર રોડ પર આવેલા સાંઈબાબા મંદિરની



બાજુમાં મોક ડ્રીલનું આયોજન કરાતા અને મોક ડ્રીલથી અજાણ અચાનક ભભૂકી ઉઠેલી અગનજવાળાઓ અને ફાયર ફાયટરના સાયરનના અવાજથી નગરજનોમાં ગભરાટ ફેલાયો હતો. રવિવારે મહેસાણામાં જેલભરો આંદોલન હિંસક બન્યું હતુ ત્યારે બીજી બાજુ મોડાસા નગરપાલિકા તંત્રએ મોક ડ્રીલ યોજતા આ રહસ્યમય મોક ડ્રીલથી અજાણ શહેરીજનોમાં મોડાસા શહેરમાં પણ મહેસાણાની ઘટનાના પડઘા પડયા હોવાની ચર્ચાએ મોક ડ્રીલ ટોક ઓફ ધી ટાઉન બન્યું હતું.

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા રવિવારે સાંજના ૭.૦૦ વાગ્યાના સુમારે મહેસાણાના જેલભરો આંદોલનથી સમગ્ર ગુજરાત રાજયમાં તંગદીલી ભર્યું વાતાવરણ સર્જાયું હતું ત્યારે મોડાસા નગરપાલિકા તંત્રાને મોકડ્રીલનું શૂરાતન ચડયું હોય તેમ સાંઈબાબા નજીક આગ લગાડી ફાયર ફાયર મશીન વડે અગનજવાળાઓ હોલવવાની મોકડ્રીલ યોજાઈ હતી જેમાં નક્કી કાર્યક્રમ મુજબ સાંઈબાબા મંદિર નજીક આગ લગાડાઈ હતી અને ફાયર ફાયટરને જાણ કરાતા નગરપાલિકાતંત્રનું ફાયર ફાયટર ચાર રસ્તા પરથી સાયરન વગાડતું પૂરપાટ ઝડપે માલપુર રોડ પરથી પસાર થતા મોક ડ્રીલથી અજાણ શહેરીજનોમાં ફફડાટ ફેલાયો હતો. જયારે સાંઈબાબા મંદિર અને નગરપાલિકા બગીચામાં ફરવા આવેલા સહેલાણીઓમાં ગભરાટ ફેલાયો હતો અને નગરજનોએ જે સાધન કે વ્હીકલ લઈને આવ્યા હતા તે લઈને ઘર તરફ દોટ મૂકતા માલપુર રોડ પર અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. મોડાસા નગરપાલિકા તંત્રની મોકડ્રીલ સમયે પ્રમુખ વનિતાબેન પટેલ તેમજ બે કોર્પોરેટરોએ હાજર રહી ફાયર ફાયટરની કામગીરી નિહાળી હતી. અચાનક આગ લાગતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ધસી આવ્યા હતા.

મોડાસા નગરપાલિકા તંત્રની મોકડ્રીલ અંગે નગરજનોએ જણાવ્યું હતું કે નગરપાલિકા તંત્ર અને પ્રમુખને રવિવારે જ કેમ મોકડ્રીલ કરવાનું સૂઝયું? રવિવારે પાટીદાર આંદોલન હિંસક સ્વરૂપ ધારણ કર્યાથી અજાણ હતા નગરપાલિકા પ્રમુખ? તંગદીલી ભર્યા વાતાવરણમાં મોકડ્રીલથી મોડાસા શહેરનું શાંત વાતાવરણ થોડા સમય માટે ઉશ્કેરાટમાં ફેરવાયું હતું. જયારે પ્રજાજનોમાં આખી ઘટનાએ ચકચાર મચાવી હતી.

## વોરંટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા અને આ નાણાનો ઉપયોગ વિદેશમાં સપત્તિ ખરીદવા માટે કર્યો હતો. શનિવારના દિવસે દલીલોનો દોર ચાલ્યો હતો. ૬૦ વર્ષીય ઉદ્યોગપતિ વિજય માલ્યા હાલમાં બ્રિટનમાં છે. તેઓએ અધિકારીઓ સમક્ષ ઉપસ્થિત થવા માટે મે સુધીનો સમય માંગ્યો છે.

અત્રે નોંધનીય છે કે, ૧૫મી એપ્રિલના દિવસે લિકરકિંગના નામથી ઓળખીતા અને અનેક પ્રકારોના વિવાદમાં રહેલા વિજય માલ્યાની મુશ્કેલીમાં સતત વધારો થઈ ગયો હતો. કારણ કે, વિદેશ મંત્રાલય દ્વારા લોન ડિફોલ્ટર વિજય માલ્યાના પાસપોર્ટને સસ્પેન્ડ કરી દીધો હતો. અગાઉ ત્રણ વખત વિજય માલ્યાની સામે ઈડી દ્વારા સમન્સ જારી કરવામાં આવ્યા હોવા છતાં વિજય માલ્યા હાજર થઈ રહ્યા નથી. વિજય માલ્યાને શનિવારના દિવસે મુંબઈના ઈડી તપાસકારો સમક્ષ ઉપસ્થિત થવા માટે કહેવામાં આવ્યું હતું. ૯૦૦ કરોડ રૂપિયાના આઈડીબીઆઈ લોન છેતરપિંડી કેસના સંદર્ભમાં મનિ લોન્ડરિંગ તપાસના સંદર્ભમાં માલ્યા સહકાર આપી રહ્યા નથી. માલ્યા સામે ૧૮મી માર્ચના દિવસે તેની ઓફિસમાં વ્યક્તિગતરીતે ઉપસ્થિત થવા પ્રથમ વખત સમન્સ જારી કરાયો હતો. ત્યારબાદ બીજી એપ્રિલના દિવસે હાજર થવા માટે કહેવામાં આવ્યું હતું. વિજય માલ્યા એક્સ્ટેન્શનની માંગ કરી ચુક્યા છે. તેઓ તપાસકારોને કહી ચુક્યા છે કે, બેંક લોનનો મામલો સુપ્રીમ કોર્ટમાં છે તેમની કાયદાકીય અને કોર્પોરેટ ટીમની મદદથી આ લોનનો ઉકેલ લાવવા ઈચ્છુક છે. આના માટે તેમને વધારે સમયની જરૂર છે.

## હોલસેલ કિંમતો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સતત ઘટી રહ્યો છે. તેની કિંમતમાં ૧૭.૬૫ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે. ગયા મહિનામાં છેલ્લા મહિનાની સરખામણીમાં ૧૩.૨૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. જાન્યુઆરી મહિનામાં તેમાં ૫.૫૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઓક્ટોબર મહિનામાં ઉંચા ફુગાવાથી ડુંગળી અને કઠોળ બંને કોમોડિટીમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈંડા, માંસ, ફીશની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થયો છે તેમાં ૩.૬૯ ટકાનો વધારો થયો છે.

મેન્યુફેક્ચરિંગ પેદાશોની વાત કરવામાં આવે તો હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવામાં ઉતારચઢાવની સ્થિતિ રહી છે. ખાંડની કિંમતમાં ૬.૧૯ ટકાનો વધારો રહ્યો છે જે સૌથી વધુ વધારો છે. આંતરરાષ્ટ્રીય કિંમતોમાં સતત ફેરફારનો દોર ચાલી રહ્યો છે. સ્થાનિક માર્કેટમાં ઓછી માંગ હાલમાં જોવા મળી રહી છે પરંતુ આર્થિક વિકાસ દર વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. કિંમતો એક વર્ષના આધાર પર વધારે ઉથલપાથલવાળી રહી નથી. દેશભરમાં હોલસેલ કિંમતો સતત ૧૭માં મહિનામાં ઘટી છે તેમાં ૦.૮૫ ટકાનો ઘટાડો રહ્યો છે જે આશાસ્પદ સંકેત છે. આરબીઆઈ આ તમામ આંકડાઓને ધ્યાનમાં લઈને વ્યાજદર નક્કી કરી છે.

## હિસાબો રજૂ કર્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે આગામી એક દિવસમાં હિસાબો રજુ કરવામાં નહિ આવે તો જે તે વોર્ડના આર.ઓ. ને રીપોર્ટ કરી ઉમેદવારોને તે અંગેની નોટીસ પાઠવવાની કામગીરી હાથ ધરાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ૩૨ બેઠક માટે ૧૦૮ ઉમેદવારો મેદાનમાં છે. આજે ૫૦ ટકા કરતાં પણ વધુ ઉમેદવારો તેમના પ્રથમ તબક્કાનો હિસાબ રજુ કરવામાં નિષ્ફળ નિવડ્યા છે તેમજ જે રીતે ફરિયાદો નિયત રજીસ્ટરને લઈ ઉઠી રહી છે તે ચિંતાજનક છે.

શહેરમાં મનપાની ચૂંટણીની પ્રચાર ઝુંબેશ પણ સઘન બનાવવામાં રાજકીય પક્ષોએ વ્યૂહરચના તૈયાર કરી છે અને છેલ્લા દિવસોમાં આક્રમક પ્રચાર અભિયાન હશે તેવા સંકેતો મળી રહ્યા છે.

## મંડપો હટાવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનું જાણવા મળેલ છે. જો કે આ માટે ખાનગી મિલ્કતધારકની મંજૂરી મેળવાઈ છે કે કેમ તેની પણ ચકાસણી કરી આ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. શહેરમાંથી આડેધડ પ્રચાર મંડપો દૂર કરવા અંગે કોંગ્રેસના આગેવાનોએ ગઈકાલે પણ રજુઆત કરી હતી. તેમજ શહેરમાં હોર્ડિંગ્સ જે રીતે દૂર કરાયા છે તેને લઈ પણ વધુ રાજકીય વિવાદ ઉભો થાય તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે.

## થંભાવી દેવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય તેવી શકયતાના લીધે એસ ટી નિગમ દ્વારા કેટલાક પ્રભાવિત વિસ્તારોમાં બસ સેવા બંધ રાખવામાં આવી હતી. બંધના એલાન દરમિયાન એસ ટી ની બસ સેવા ખોરવાતા મુસાફરોએ સતત બીજા દિવસે પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે બીજીતરફ ખાનગી વાહનોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી.ગ્રામ્ય વિસ્તારમાં જવા માટે મુસાફરોએ ખાનગી વાહનોનો ઓશરો લેવો પડ્યો હતો.

## ચર્ચા કરીશું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રી સાથે ચર્ચા કર્યા બાદ ફરી બીજી બેઠક પાટીદાર આગેવાનો સાથે કરી આ પ્રશ્નનો ઝડપથી ઉકેલ લાવવાના પ્રયાસ કરાશે.

તેમણે જણાવ્યું હતું કે સમિતિ સમક્ષ જે મુદ્દાઓ રજુ કરવામાં આવેલ તે તમામ મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી છે. હાર્દિક સહીતના યુવાનોને જેલ મુક્ત કરવાની જે મુખ્ય માંગણી કરવામાં આવેલી છે.

તેમણે જણાવ્યું હતું કે કેટલાક મુદ્દાઓ સંદર્ભે ભાજપ મોવડીમંડળ સાથે પણ ચર્ચા કરવી જરૂરી હોઈ તેમની સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.